# <u>નશાબંધી સપ્તાહની ઉજવણી</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી , આણંદ અને નશાબંધી અને આબકારી કચેરી , આણંદના સંયુક્ત ઉપક્રમે “નશાબંધી સપ્તાહ” ની ઉજવણીનો ઉદ્ઘાટન સમારંભ ઓક્ટોબર ૨ , ૨૦૧૬, રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે કપિલા હોલ, વેટરનરી કોલેજ ખાતે યોજવામાં આવેલ. સમારંભના અધ્યક્ષ ડૉ. ધવલ પટેલ, માન. કલેક્ટરશ્રી, આણંદ, મુખ્ય મહેમાન ડૉ. એન.સી. પટેલ , માન. કુલપતિશ્રી , આણંદ કૃષિ યુનિવર્સિટી, અતિથિ વિશેષ તરીકે શ્રી સૌરભસિંઘ , જિલ્લા પોલીસ વડા, આણંદ, પૂજ્ય કોઠારી સ્વામીશ્રી ભગવદ્ચરણ સ્વામી અને પૂજ્ય રસીકવિહારી , બી.એ.પી.એસ. મંદિર , આણંદ ઉપસ્થિત રહેલ. ઉપરાંત ડો.એસ.એચ.અકબરી , નિયામકશ્રી , વિધાર્થી કલ્યાણ , શ્રી એચ.પી. સિસોદીયા, અધિક્ષક, નશાબંધી અને આબકારી કચેરી , આણંદ તથા યુનિવર્સિટીના અધિકારીઓ , કર્મચારીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસરો અને વિધાર્થીઓ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ પુષ્પગુચ્છથી સર્વે મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. સમારંભના અધ્યક્ષ ડૉ. ધવલ પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં નશાનાં સેવનથી માણસના માનસિક, શારીરિક, સામાજિક તથા આર્થિક રીતે થતી નકારાત્મક અસરો વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન, ડૉ. એન.સી. પટેલે નશો માનવ મૂલ્યોનો કરવો તેવું આહ્વાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સર્વએ ઉભા થઇ નશો નહીં કરવાની તેમજ અન્યને નશો ન કરે તે માટે સમજાવવા પ્રતિજ્ઞા લીધી હતી.

કાર્યક્રમના અંતે આણંદ કૃષિ યુનિવર્સિટીના વિધાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૮ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં માનુષી ત્રિવેદી , એઆઇટી કોલેજ પ્રથમ નંબરે આવી હતી. જ્યારે સોનુ પટેલ , હોર્ટીકલ્ચર કોલેજ અને અંજારીયા પ્રણવ, વેટરનરી કોલેજ કોલેજ અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવેલ. વિજેતાઓને સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર આપી નવાજવામાં આવેલ.


નશાબંધી અને આબકારી અધિક્ષકની કચેરી, આણંદ જીલ્લો
GPE
નશાબંધી પ્રચાર સપ્તાહ ઉદ્‌ઘાટન સમારોહ
વકૃત્વ સ્પર્ધા
કપીલા હોલ, વેટરીનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
તારીખ : ૦૨-૧૦-૨૦૧૬
સૌજન્ય સ્થળ : આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
તથા બી.એ.પી.એસ. મંદિર, આણંદ


AAU


AAU

